सत्यमेव जयते

**નમુનો–અ**

| |
|---|
| **મે. એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.માંગરોળ, જી.સુરત** <br> **આંક – ૯** <br> **ચુકાદાની તારીખ : ૧૨/૦૩/૨૦૨૬** <br> **ફોજદારી કેસ નં. ૩૮૩/૨૦૨૧** |
| ગુનાની વિગત |

| | |
|---|---|
| ફરીયાદીનું નામ | **શ્રી સરકાર** |
| ફરીયાદી તર્ફે વિ.એ.પી.પી.શ્રી. | વિ. એન. શેખ |
| આરોપીનું નામ | **દિલીપ સુદર્શન શાવજી** <br> રહે.પીપોદરા ગામ, મેલડીમાતાના મંદીર પાછળ, ગોરધનભાઈના મકાનમાં, તા. માંગરોળ, જિ.સુરત <br> મુળ રહે. ચંદુસા થાણા,સીગીરી, જી.પટણા, બિહાર |
| આરોપીઓ તર્ફે વિ.વકીલશ્રી | –– |

**:: નમૂનો–બ ::**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૨/૦૧/૨૦૧૯ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૨/૦૧/૨૦૧૯ |
| આખરી અહેવાલની તારીખ | ૦૪/૦૧/૨૦૨૧ |
| તહોમતનામાની તારીખ | –– |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૫/૦૧/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | –––– |

**:: આરોપીની વિગત ::**

| અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | નિર્દોષ છોડયા /સજા કરી ? | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | **દિલીપ સુદર્શન શાવજી** | ૨૨/૦૧ /૨૦૧૯ | ૨૨/૦૧ /૨૦૧૯ | પ્રોહી. એકટની કલમ–૮૫ મુજબ. | નિર્દોષ ઠરાવી છોડી મુકયા | –– | –– |

:: નમૂનો ક ::
ફરિયાદી / બચાવ પક્ષ/કોર્ટ વીટનેશ

એ. ફરીયાદપક્ષ

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા. ૧ | ૬ | મહમદ આસીફ જમીલ સીદીકી | પંચસાહેદ |

બી. બચાવપક્ષ સાહેદો, જો કોઈ હોય,

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| બચાવપક્ષ તર્ફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. | | | |

સી. કોર્ટ તરફે સાહેદો, જો કોઈ હોય,

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| નથી. | | | |

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તર્ફે રજુ થયેલ દસ્તાવેજોની યાદી

એ. ફરિયાદપક્ષ

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૭ | પંચનામુ |

બી. બચાવપક્ષ

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| બચાવપક્ષ તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી. | | |

સી. કોર્ટ દ્વારા

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| કોઈ નથી. | | |

ડી. મટીરીયલ ઓબ્જેકટસ

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| કોઈ નથી. | | |

## :: ચુકાદો ::

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, તા.૨૨/૦૧/૨૦૧૯ ના રોજ આરોપી મોજે પીપોદરા મોગલમાતાના મંદીર પાછળ જાહેરમાં વગરપાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં નશો કરી લવરી બકવાસ અને લથડીયા ખાતો મળી આવી પકડાઈ જઈ

 Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mangrol

ગુન્હો કરેલ. જે બનાવની ફરીયાદ પોલિસ સ્ટેશન ખાતે નોંધાતા, આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ–૧૯૪૯ ની કલમ ૮૫ મુજબનો ગુન્હો નોંધાયેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ગુન્હા સબબનું ચાર્જશીટ કરેલ.

(૨) આ કામના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ મુજબના ગુન્હાનું સં જ્ઞાન લઈ, સમન્સ કાઢતા, આરોપી મળી આવેલ નથી કે તેમનો કોઈ સમંસ વોરંટ પરત મળેલ નથી. જેથી , સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા સબબ કામ મુલત્વી રાખવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષે હાલના કામે ઉપરોકત **નુમના નં.(ક)** માં દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪) સદરહું કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું વિ.એ.પી.પી.શ્રીએ આંક–૮ ની કલોઝીંગ પુરશીસ આપી જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ પરંતુ તેવો કોઈ પુરાવો મળી આવેલ ન હોય કામ આગળના સ્ટેજ પર રાખવામાં આવેલ છે.

(૫) આ કામે કોઈ દલીલો રજુ થયેલ નથી.

(૬) આ કેસના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

| | |
|---|---|
| ૧ | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૨/૦૧/૨૦૧૯ ના રોજ આરોપી મોજે પીપોદરા મોગલમાતાના મંદીર પાછળ જાહેરમાં વગરપાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં નશો કરી લવરી બકવાસ અને લથડીયા ખાતો મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ. જે બનાવની ફરીયાદ પોલિસ સ્ટેશન ખાતે નોંધાતા, આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ–૧૯૪૯ ની કલમ ૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | નકારમાં. |
| ૨ | આખરી હુકમ મુજબ |

**:: કારણો ::**

ન્યાયતંત્રના સ્થાપીત સિધ્ધાંત મુજબ પુરાવાનુ મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્પિત કોઈ નીયમ નથી.પુરાવાનુ મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે.પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબીતી અને નાસાબીતની વ્યાખ્યા ઉપર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે, તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિશંકપણે પુરવાર કરવાનુ રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદનો લાભ લેવા માંગતો હોય તો, તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સં ભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ અંગેની હકીકતો શંકાથી પર સાબીત કરવાની હોતી નથી. સાબીત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનુ અસ્તીત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબીત થયેલી ગણાય.

આ અંગે **નામદાર સર્વોચ્ચ અદાલતે "State of UP V/s. Wasif Haider (2019) 2 SCC 303 "** જેના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૨ તથા ૨૩ માં એમ ઠરાવેલ છે કે,

**22.** In the instant appeals before us, the prosecution has failed to link the chain of circumstances so as to dispel the cloud of doubt about the culpability of the accused-respondents. It is awell settled principle that a suspicion, however grave it may becannot take place of proof, i.e., there is a long distance between "may be" and "must be", which must be traversed by the prosecution to prove its case beyond reasonable doubt [See Narendra Singh v. State of M.P., (2004)10 SCC 699].

**23.** This Court in Kailash Gour and Ors. v. State of Assam, (2012) 2 SCC 34 has held that, "44. The prosecution, it is axiomatic, must establish its case against the accused by leading evidence that is accepted by the standards that are known to criminal jurisprudence regardless whether the crime is committed in the course of communal disturbances or otherwise. In short, there can only be one set of rules and standards when it comes to trials and judgment incriminal cases unless the statute provides for anything specially applicable to a particular case or class of cases..."

## <u>ફરીયાદપક્ષનો પુરાવો</u>

(૮) આ કામે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુના પુરવાર કરવા માટે આ કામે આંક–૬ થી પંચસાહેદ મહમદ આસીફ જમીલ સીદીકીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદનો સોગંદ ઉપરનો પુરાવો જોઈએ તો, તેઓએ તૈયાર પંચનામામાં માત્ર સહી કરેલી. પંચનામાની હકીકત વિશે તેઓ કાંઈ જાણતા નથી. જે પંચનામું આ

કામે રજુ કરેલ છે. આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય સરકાર તરફે ફરી ગયેલા જાહેર કરી સરકાર તરફે ઉલટ તપાસ કરવા છતાં પણ સદર પંચનામાની વિગતને સમર્થન આપેલ નથી.

(૮.૧) બચાવપક્ષ તર્ફે સદર પંચસાહેદોની ઉલટતપાસ કરતા તેઓએ જણાવેલ છે કે, તૈયાર પંચનામામાં માત્ર સહિ કરેલી તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી. તેઓ પોલિસ જોડે કોઈ જગ્યાએ ગયેલ નથી.

## <u>પુરાવાનું વિશ્લેષણ</u>

(૯) ક્રિમીનલ જ્યુરીસ્પ્રુડન્સ મુજબ ગુનાની સાબિતીનો બોજો ફરીયાદપક્ષ પર છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવો જોઈએ. કેસના દરેક સાહેદોની પુરાવાની કડી એકબીજા સાથે જોડાવી જોઈએ.

(૧૦) ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું વિશ્લેષણ કરતાં એ હકીકત સ્પષ્ટ જણાય આવે છે કે પંચોની હાજરીમાં હાલના કામે રજુ કરવામાં આવેલ પંચનામુ થયેલ નથી, તેમજ સદર પંચો રૂબરૂ આરોપી ઉપદ્રવ કરતો મળી આવેલ હોય તેવી હકીકત સ્પષ્ટ થતી નથી. આમ, ફરીયાદપક્ષનો કેસ જે પંચનામા પર આધાર રાખે છે તે પં ચનામુ પંચો રૂબરૂ થયા અંગેની હકીકત અત્રેની કોર્ટ માને તેવો કોઈ પુરાવો જણાય આવતો નથી. આ કામે જે ફોર્મ સી રજુ કરવામાં આવેલ છે તે ફોર્મ સી ધ્યાને લેતા તે એફ.એસ.એલ. ખાતે તા.૦૮/૦૨/૨૦૧૯ ના રોજ મળેલ છે. અને લોહીનો નમુનો તા. ૨૨/૦૧/૨૦૧૯ ના રોજ લેવામાં આવેલ છે. આમ, બ્લડ સેમ્પલ લીધાના ૧૮ મા દિવસે સેમ્પલ એફ.એસ.એલ. ખાતે પહોંચેલ છે.

ધી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એક્ઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ, ૧૯૫૯ ના રૂલ ૪ (૨) ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી બની રહે છે. જે નીચે મુજબ છે.

4. **Manner of collection and forwarding of blood :**

(1) xxxx

(2) The sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forward for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection. It shall be accompanied by a forwarding letter in form 'B' which shall bear a fascimile of the seal or monogram used for sealing the phial of the sample blood.

ઉપરોક્ત જોગવાઈ ધ્યાને લેતા, મુંબઈ નશાબંધી ( ડોકટરી તપાસ અને લોહીની

ચકાસણી ) નિયમોનાં નિયમ નં. ૪ (૨) અનુસાર આવાં લોહીનો નમુનો ટેસ્ટીંગ માટે લીધેલ તારીખથી સાત દિવસની અંદર ટેસ્ટીંગ ઓફિસરને મળી જવો જરૂરી છે. પરંતુ હાલનાં કેસમાં સાત દિવસની અંદર તે મળેલ નથી અને તે મેન્ડેટરી જોગવાઈ છે જે જોગવાઈનું પાલન થયેલ ન હોય તેવા કિસ્સામાં આરોપી વિરુધ્ધનું જે તહોમત મુકવામાં આવેલ છે તે ટકી શકે નહી.

**નામદાર વડી અદાલતે ૧૯૯૦(૨), ગુજરાત લો હેરાલ્ડ પાના નં. ૪૫૧ ગુજરાત રાજ્ય વિરુધ્ધ બાપુજી સવાજીભાઈ**નાં કેસમાં પ્રતિપાદિત કરવામાં આવેલ સિધ્ધાંતને લક્ષમાં લ ેતાં લીધેલ નમુનો સાત દિવસની અંદર પ્રયોગશાળામાં પહોંચી જવો જોઈએ તેવું ઠરાવેલ છે.

**(૧૧)** ગુજરાત પ્રોહી. એકટ હેઠળ કલમ–૮૫ માં સુધારો કરેલ છે. જેમાં કલમ–૮૫(૧) સાબીત કરવા માટે નીચે મુજબના તત્વો હોવા જરુરી છે. આરોપી દારુ પીધેલ હાલતમાં છાટકો બનેલ હોય અને ઉપદ્રવ કે ઝઘડો કરતો હોવો જોઈએ. આરોપી છાટકો બનેલાની સાથે આ વ્યાખ્યામાં જણાવ્યા મુજબ તે ઉપદ્રવ કે ઝઘડો કે મારામારી કરતો હોવો જોઈએ કે અપશબ્દો અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોવો જાઈએ કે કોઈ સ્ત્રી સાથે ગેરવર્તન કરતો હોવો જોઈએ. હાલના કામમાં એફ.આઈ.આર. તથા રેકર્ડ ધ્યાને લેતા આરોપી દારુ પીધેલ હાલતમાં લવરી બકવાસ કરતા મળી આવેલાની હકીકત જણાવવામાં આવેલ છે પરંતુ આરોપી કોઈ ઉપદ્રવ કરેલ હોય તેમ જણાતુ નથી.

**(૧૨)** વધુમાં, બનાવવાળી જગ્યા પર ત્રાહિત માણસો હોય કે અવરજવર હોય ત્યારે સ્વતંત્ર સાહેદના નિવેદન લેવા જરૂરી બને છે. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા **"Jaikam Khan V/s. State of Uttar Pradesh, 2021 (13) SCC 716 "** માં ઠરાવ્યા મુજબ જયારે સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અધિકારી દ્વારા આવા કોઈ સાહેદના નિવેદન લેવામાં આવેલ ન હોય ફરીયાદપક્ષના કેસમાં શંકા જન્માવે છે.

આમ, ઉપરોકત હકીકત જોતા ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થતો નથી તેવું મારૂ માનવું છે. ત્યારે આરોપી વિરૂધ્ધના કેસમાં જે શંકાઓ ઉદભવેલ છે તેનો લાભ આરોપીઓને આપવો જોઈએ તેવું મારૂ નમ્રપણે માનવું છે.

**(૧૩)** આમ, ફરીયાદપક્ષ આક્ષેપીત ગુન્હો કરેલાની હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧ નો જવાબ '**નકાર**'માં ઠરાવી, મુદ્દા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.



Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mangrol

# ◀ હુકમ ▶

**1 ]** આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૩૯ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ–૧૯૪૯ ની કલમ ૮૫ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**2 ]** આરોપીએ અપીલ સમય દરમિયાનના **રૂ.૧૦,૦૦૦ ( અંકે રૂપિયા દસ હજાર પુરા**)ના જામીન રજુ કરવા.

**3 ]** આરોપી મુદતે હાજર ન હોય, હાલનો ચુકાદો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૫૩(૬) અન્વયે આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે.

આ હુકમ આજ રોજ તારીખ **બાર**મી માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તા.૧૨/૦૩/૨૦૨૬**
**માંગરોળ**

**( જે. જી. પટેલ )**
અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
**માંગરોળ**
GJ 01699